**ક્રિ. કે. નં. ૬૩૫૩૯/૨૦૧૪**

## આંક – ૦૧ લગત હુકમ

હાલનો કેસ આજરોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી તથા નામદાર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્ધારા આયોજીત નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે મુજબ સ્પેશીયલ સીટીંગમાં હાલનું કામ રાખવામાં આવેલ છે. હાલનું કામ પોલીસ ફરિયાદ /ચાર્જશીટ ઉપરથઈ શરૂ થયેલ સમન્સ ટ્રાયેબલ કેસ છે. હાલના કામે આરોપી સામે જુગાર ધારા કલમ ૪ તથા ૫ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. હાલના કામે આરોપીઓ પૈકી આરોપી નં. ૩, ૫, ૭, ૯, ૧૦, ૧૧, ૧૫ ના ઓ સિવાયના તમમા આરોપીઓએ ગુનો કબુલ કરેલ છે. હાલના આરોપીઓને સને ૨૦૧૪ થી વારંવાર સમન્સ વોરંટ કરવા છતા હાજર મળી આવેલ નથી કે બતાવેલ સરનામે મળી આવેલ નથી. વધુમાં નજીકના ભવિષયમાં આરોપીઓનું કોઈ નવિન સરનામું મળી આવે તેમ નથી. હાલના કામે જામીનદાર પણ મળી આવેલ નથી. જે તમામ સંજોગોમાં હાલનો કેસ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૮ મુજબ કેસનું પ્રોસીડીંગ સ્ટોપ કરવુ ન્યાયોચિત જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

- હાલનો કેસ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૮ મુજબ પ્રોસીડીંગ્સ સ્ટોપ કરી આરોપીને ગુનામાથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩મી મે સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૩/૫/૨૦૨૩

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૮માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
સુરત – કોડ નં. જીજે ૦૧૧૨૬